તા. ૧૭.૦૩.૨૦૨૪

ગાંધીનગર સમાચાર, પાના નં. ૦૧

# ગાંધીનગરમાં પ્રવેશતા મેટ્રોના મુસાફરોને નયનરમ્ય નઝારો જોવા મળશે

ગાંધીનગર તા ૧૬ ગાંધીનગરમાં નજીકના દિવસોમાં મોટેરા સ્ટેડિયમથી ચ-૧ અને ગિફ્ટ સિટીના રૂટ પર મેટ્રો ટ્રેન રન કરવાનું આયોજન છે કોર્પોરેશન દ્વારા આ રૂટ પર લેન્ડસ્કેપીંગ તેમજ બ્યુટીફિકેશનનું આયોજન પણ કરાયું છે. આ કામગીરીના અંતે મેટ્રોમાં સવાર થતા મુસાફરોને શહેર માં પ્રવેશતા જ હરિયાળી ઓર રસ્તાનો નયનરમ્ય નજારો જોવા મળશે

## મેટ્રોના રૂટને અનુલક્ષી લેન્ડસ્કેપિંગ તેમજ બ્યુટીફિકેશનનું કામ હાથ ધરાશે

સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન જશવંત પટેલના જણાવ્યા મુજબ ગાંધીનગરમાં મેટ્રો રેલના રૂટ અને સ્ટેશનો ટૂંક સમયમાં કાર્યરત થશે. જયારે મેટ્રો સ્ટેશનના ૨૫૦ મીટરના એરીયામાં મેટ્રો કંપની દ્વારા જ લેન્ડ સ્કેપીંગ કરાશે . જયારે મેટ્રોના રૂટને અનુલક્ષી કોર્પોરેશન દ્વારા આ પ્રકારે લેન્ડ સ્કેપીગ-બ્યુટીફિકેશન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે આ યોજના અન્વયે આ પ્રથમ તબક્કામા ચ-૦ સર્કલથી રક્ષાશક્તિ સર્કલ માર્ગ તેમજ ધોળાકુવા જંક્શનથી પંચમેશ્વર સર્કલ માર્ગ ને અનુલક્ષી

● અનુસંધાન પાન-૯ પર



ઘ-૩ સર્કલથી ગ-૩ સર્કલ જવાના માર્ગ પરની સ્ટ્રીટલાઈટના થાંભલાઓની લાઈટોને રીપેર કરવાનું કામ ચાલી રહ્યું છે. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

અનુસંધાન પાના નં. ૦૯

**નયનરમ્ય નઝારો** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કરવામાં આવશે હાલ મેટ્રોના આ રૂટ પર લેન્ડ સ્કેપીંગ કરવામાં આવશે. જયારે આ કામને અનુલક્ષી સ્ટેન્ડિંગ કમિટી દ્વારા નકશા અંદાજો માટે કન્સલ્ટન્સીની કામગીરી એવીએન આર્કિટેક્ચર એન્ડ અર્બનિઝમ એજન્સીને કામગીરી સોંપવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. આ એજન્સીને પ્રોજેક્ટ ખર્ચ ના ૧.૫ ટકા લેખે વળતર ચૂકવાશે વાયબ્રન્ટ દરમિયાન અમદાવાદથી ગાંધીનગર તરફ આવતા કોબાથી ચ-૦ સુધીના રોડની એક સાઇડનું બ્યુટીફિકેશન-પ્લાન્ટેશન ૧૨ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. જયારે ચ-૦થી કોબા તરફની સાઇડમાં પણ બ્યુટીફિકેશનના ટેન્ડરને મંજૂર કરવામાં આવ્યું છે. હવે મેટ્રો રેલના સમગ્ર રૂટની પણ સુંદરતા નિખારવામાં આવશે પ્રથમ તબક્કાનું આયોજન કરાયું છે. એજન્સી દ્વારા ડિઝાઇન તૈયાર કરાશે ત્યારબાદ કોર્પોરેશન દ્વારા ડિઝાઇન આખરી કરાશે.